# શામળાજી તાલુકાની ૫૦ આદીવાસી બાળાઓને સરકારી અનાજ મેળવવા માટે મારવા પડતા વલખાં

## શામળાજી તાલુકાની નાપડા પ્રાથમીક શાળાની ઘટના

સમગ્ર ગુજરાત રાજયમાં સરકાર દ્વારા અદીજાતી વિકાસ માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ તે ગ્રાન્ટ કા તો જરૂરીયાત મુજબ પહોચતી નથી કે પછી ભ્રષ્ટ સકરારી અધિકારી ઓ દ્વારા ચાઉ થઈ જતી હોય છે તેનુ દ્વારા માત્ર કાગળ પર જ વિકાસ કરી આદીવાસી ઓની ક્રુરમજાક કરતી હોય તેવુ લાગી રહયુ છે. જયારે ગ્રામવાસીઓ દ્વારા આ બાળાઓને પોતાના હકનું અનાજ મળી રહે તે અંગે માંગ ઉઠવા પામી છે. જયારે આ ગામમાં સસ્તા અનાજની





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એક તાજુ ઉદારહરણ અરવલ્લી જીલ્લાના શામળાજી તાલુકામાં આવેલ પ્રાથમીક શાળામાં જોવા મળ્યુ હતું.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર શામળાજી તાલુકાના નાપડા જાગીર ગામની શાળામાં અભ્યાસ કરતી ૫૦ જેટલી આદીવાસી બાળાઓને રાજય સરકાર દ્રારા અનાજ વિતરણ સહાય યોજના અર્તગત વર્ષે આપવામાં આવતુ ૬૦ કિલો અનાજ છેલ્લા ૨ વર્ષથી આ શાળાની બાળાઓને મળ્યુ જ નથી. જયારે ચોકવનારી બાબત તો એ છે કે આ શાળાની બાળાઓને અનાજ વીતરણ અર્તગત જે કુપનો આપવામાં આવે છે તે શાળા ધ્વારા આપવામાં આવી છે પરંતુ છેલ્લા ૨ વર્ષથી આ બાળાઓને પોતાના હકનુ અનાજ મેળવવા માટે વલખાં મારવા પડી રહયા છે.

જયારે આ અંગે શાળાના આચાર્ય વાલીબેન જોડે વાત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા ધો-૧ થી ધો-૮માં ભણતી આદીવાસી બાળાઓને દર વર્ષે ૬૦ કીલો અનાજ આપવામાં આવે છે પરતુ જવાબદાર તંત્ર દ્વારા આ બાળાઓ ને અનાજની કુપનો તો આપી દીધી છે પરંતુ આ અનાજની કુપનો આપીને જાણે બાળાઓની મશ્કરી કરતા હોય તેમ છેલ્લા બે વર્ષ જેટલા લાંબા સમય ગાળાથી આ બાળાઓને અનાજ મેળવવા માટે વલખાં મારવા પડી રહયા છે. આ ઉપરથી તો હાલ તો દેખાઈ રહયુ છે કે આ સરકાર દુકાનદાર ધરમના ધકકા ખાઈને થાકી ગયા હોવા છતાં પણ આજ સુધી આ બાળાઓને સહાયનું અનાજ ના મળતા હાલ તો આ બાળાઓ સાથે મોટો અન્યાય થઈ રહયો હોય તેવુ દેખાઈ રહયુ છે. ત્યારે શું જિલ્લા પુરવઠા અધિકારી આ બાળાઓને તેમનો હક અપાવશે ખરા?

# મહેસાણામાં ઈદના તહેવારે ઈદગાહની દિવાલ ધસી પડતા એક કિશોર સહિત બે ના કરૂણ મોત

## ઈદ નિમિત્તે મુસ્લીમ બિરાદરો નમાજ અદા કરવા મગપરા ઈદગાહમાં એકઠા થયા હતા જ્યાં દુર્ઘટના થઈ હતી

મહેસાણા, તા. ૨૯

મહેસાણા શહેરના મગપરા વિસ્તારની મસ્જિદમાં રમઝાન ઈદના તહેવારે નમાજ અદા કરવા એકઠા થયેલ મુસ્લિમ બિરાદરો પર અચાનક ઈદગાહની દિવાલ ધસી પડતાં દટાઈ જવાથી એક કિશોર સહિત બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે લગભગ પચાસ જેટલા વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈદના તહેવાર દરમિયાન આ કરૂણ દુર્ઘટના સર્જાતા તહેવારનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો.

બનાવની વિગત એવી છે કે, મહેસાણા ખાતે રેલવે કોલોની નજીક મગપરા વિસ્તારમાં ઈદગાહ આવેલ છે. આજે રમઝાન ઈદનો તહેવાર હોઈ મહેસાણા શહેર અને આસપાસના કેટલાક ગામોમાંથી સવારના સમયે મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં નમાજ અદા કરવા માટે આવ્યા હતા. નમાઝ પુરી થયા બાદ મુસ્લિમ બિરાદરો એકબીજાને ભેટીને ઈદની મુબારકબાદી પાઠવી રહ્યા હતા ત્યારે અચાનક ઈદગાહની દિવાલ ધડાકાભેર ધરાશાયી થઈ હતી. જેમાં અંદાજે ૫૦ જેટલા મુસ્લિમ સમાજના વ્યક્તિઓ દટાઈ ગયા હતા. આ દુર્ઘટનાને પગલે હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા તેમજ પોલીસ, ફાયરબ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સવાન, ક્રેન વગેરે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. અને બચાવ તથા રાહતની કામગીરી આરંભી હતી. આ દરમિયાન કાટમાળ નીચેથી લગભગ ૫૦ જેટલા વ્યક્તિઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જેઓને નાની મોટી ઈજાઓ થતાં તુરત સિવિલ અને લાયન્સ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં એક કિશોર અને એક વૃદ્ધને ગંભીર ઈજાઓ થતાં તેઓના મોત નિપજ્યા હતા. આ બનાવની જાણ થતા જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ બનાવસ્થળે દોડી આવ્યા હતા અને જરૂરી સૂચનો કર્યા હતા.

આ કરૂણ દુર્ઘટનામાં આસીફ ઝુસફભાઈ સિંધી ઉં.વ. ૮ અને અબ્દુલ રહેમાન સિંધી ઉં.વ. ૬૦ બંને રહે મહેસાણાના કરૂણ મોત થયા હતા. ઈદના પવિત્ર તહેવારના દિવસે જ મહેસાણા શહેરમાં આ ગોઝારી ઘટના બનતાં ઈદની ઉજવણીના સ્થાને માતમનો માહોલ સર્જાયો હતો.

# રાજ્યના ખેડૂતોએ પારંપારિક ખેતીની સાથે આધુનિક ટેકનોલોજી અપનાવવી જોઈએ : ડૉ. કથિરીયા

ગાંધીનગર, તા. ૨૯

ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે. ભારત દેશના વડાપ્રધાને ૨૧મી સદીએ કૃષિનું વર્ષ છે તેવું જાહેર કર્યું છે.ત્યારે ખેડૂતોએ પારંપારિક ખેતીની સાથે આધુનિક ટેકનોલોજી અપનાવવા અને સજીવ ખેતી પર જાગૃતિ કેળવવી જોઈએ તેવુ ગૌ સેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથિરીયાએ જણાવ્યું હતું.

રાજ્યનો ખેડૂત કૃષિક્ષેત્રે નવા નવા અભિગમો કેળવે તેમજ વિવિધ ટેકનોલોજી અપનાવે તે માટે ગ્રીન હાઉસ ફાર્મસ એસોસિએશન દ્વારા રાજકોટ ખાતે ટેકનીકલ સેમિનાર-પનું આયોજન કર્યું હતું. રાજકોટ એન્જીનિયરીંગ એસોસિએશન હોલમાં યોજાયેલ સેમિનારમાં ડૉ. વલ્લભ કથિરીયાના અધ્યક્ષ સ્થાને શુભારંભ કરવામાં આવ્યો હતો.

ટેકનીકલ સેમિનાર-પમાં કોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી હંસરાજ ગજેરાએ ખોડલધામ દ્વારા કરવામાં આવતી કૃષિ વિષયક પ્રવૃત્તિથી ઉપસ્થિત ખેડૂતોને વાકેફ કર્યા હતા અને ખેડૂતોએ ભેગા મળી નાના-નાના ગૃપ બનાવી આયોજન કરવુ જોઈએ તેવુ સૂચન કર્યું હતું.

સેમિનારમાં એસેન મલ્ટીપેક લિ. કૃષિ કેર કંન્સલ્ટન્સી પ્રા.લિ., નેટાફિમ ઈરીગેશન, રેડીકલ કોમ્યુનિકેશન અને વિશાખા ઈરીગેશન લિ. રાજકોટ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. સેમિનારમાં રાજયના અલગ-અલગ જિલ્લાઓમાંથી ૨૫૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. ગ્રીન હાઉસ એસોસિએશનના સેક્રેટરી હિતેન્દ્ર પટેલ, ચેરમેન સન્યાસ દેસાઈએ એસોસિએશનમાં જોડાવા ખેડૂતોને અપીલ કરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુર સહિત જિલ્લાભરમાં મેઘરાજાની મહેર જારી

લાંબા સમયની વાટ જોવડાવ્યા બાદ સરહદી બનાસકાંઠા જિલ્લા પર મેરાજાએ મેઘ મહેર કરતા ચારે બાજુ ખુશી અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. અનેક પૂજા વિધિ અને આરાધના બાદ જિલ્લામાં મોસમના પ્રથમ રાઉન્ડનો સંતોષજનક વરસાદ નોંધાયો છે. જિલ્લાના પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ, ભાભર, થરા સહિતના તાલુકામાં ભારે વરસાદ થતા ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાના-વીજળી ડુલ થવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે અનેક વિસતારમાં વૃક્ષો ધરાશાયી થવાના માર્ગમાં મોટા ગાબડા પડવાના અને વાહનો ફસાઈ જવાના બનાવો પણ બનવા પામ્યા હતા. સાર્વત્રિક વરસાદ થતા જિલ્લાના ખેડૂતોના પાકને જીવનદાન મળી ગયું છે. મેઘરાજાની મેઘમહેર યથાવત રહેતા હાલ જિલ્લામાં ઠંડક પ્રસરી જવા પામી છે.

# સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રો. અશોક પટેલની નિયુક્તિ

દાંતીવાડા, તા. ૨૯

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તરીકે રાજ્ય સરકાર દ્વારા યુવાન, ઉત્સાહી અને કર્તવ્યનિષ્ઠ પ્રો. (ડૉ.) અશોક પટેલની નિમણૂંક કરવામાં આવી છે. પ્રો. પટેલ કૃષિ વિસ્તરણ શિક્ષણમાં પીએચ.ડી. ની ડીગ્રી ધરાવે છે. ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તેમજ વહીવટનો બહોળો અનુભવ ધરાવતા પ્રો. પટેલની વરણીને કર્મચારીઓ, ખેડૂત સમુદાય, આગેવાનો, વિદ્યાર્થીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોમાં ખૂબ જ આવકાર મળી રહ્યો છે.

પ્રો. પટેલે આ અગાઉ સ્ટેટ નોડલ ઓફિસર, એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી અને નિયામક સમિતિ, ગાંધીનગર, વિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, પ્રિન્સીપાલ પ્રસાર શિક્ષણ ભવન, ભારત સરકાર, આણંદ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, નિયામકશ્રી, ફાર્મ સાયન્સ સેન્ટર, ગુજરાત વિદ્યાપીઠ, જેવા ઉચ્ચ હોદ્દાઓની જવાબદારીઓ ખૂબ જ સરાહનીય નિષ્ઠા અને પ્રમાણિકતાથી સંભાળેલ છે. ગુજરાત રાજમયમાં ખેડૂતોમાં આત્મા પ્રોજેક્ટને ઓળખ આપવામાં પ્રો. પટેલનો ફાળો નોંધનીય છે. ડૉ. અશોક પટેલના પૂજ્ય પિતાશ્રી ડૉ. અંબુભાઈ એસ. પટેલે વર્ષ ૧૯૭૪ થી ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વડામથક સરદાર કૃષિનગર કેમ્પસને શૂન્યમાંથી સર્જન કરવામાં સિંહફાળો આપેલ છે.

પ્રો. પટેલની નિમણુંકથી તેમના બહોળા અનુભવ, જ્ઞાન અને કાર્યદક્ષતાનો લાભ કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓને તો મળશે જ પરંતુ સાથે સાથે આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, પાટણ, કચ્છ અને ગાંધીનગર જિલ્લાઓમાં કૃષિ વિકાસ વેગવંત બનશે અને ખેડૂતભાઈઓની કૃષિ સમૃદ્ધિમાં વધારો થશે.

# બુટાલ હત્યા પ્રકરણમાં આરોપીના વધુ બે દિવસના રિમાન્ડ મંજૂર

ધનસુરા, તા. ૨૯

ધનસુરાના ચકચારી મર્ડર મિસ્ત્રી કેસમાં આરોપીના પાંચ દિવસના રિમાન્ડ પુરા થતા કોર્ટમાં રજુ કરતા કોર્ટે વધુ બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ કેસ સંદર્ભે વધુ ચોંકાવનારી વિગતો બહાર આવશે. તેમ પોલીસ સૂત્રોમાંથી માહિતી મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના ધનસુરા સ્થિત બુટાલ ગામના હત્યા પ્રકરણ સંદર્ભે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી બે વર્ષ જૂના હત્યા કેસનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. રિમાન્ડ દરમિયાન આરોપીએ મૃતકની ઘડીયાળ અને પાકીટ કાઢી લેવાની કબુલાત કરી હતી. આરોપીના પાંચ દિવસના રિમાન્ડ પુરા થતા આજે સી.આઈ.ડી. ક્રાઈમે આરોપીને ફરી કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડની માંગ કરતા કોર્ટે આરોપીના વધુ બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.



ઊંઝા નજીકના ઉનાવા ગામના નિવૃત્ત એસ.ટી. ડ્રાઈવર અહેમદભાઈ એ. શેખના પૌત્ર મોહમંદ સુજાન આરીફહુસેન શેખ ઉં.વ. ૧૦ એ પવિત્ર રમઝાન માસમાં પુરા રોજા રાખીને ખુદાની બંદગી કરી છે. રમઝાન મહિનામાં રોજાનું ખાસ મહત્વ છે. ત્યારે ધો. ૬ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વકિલ પુત્રે પુરા રોજા રાખી ખુદા પ્રત્યેની આસ્થાને જાળવી રાખેલ છે.

## હિંમતનગરના માર્કેટયાર્ડમાં દુકાનમાંથી રૂ. ૬૦ હજારની ચોરી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના માર્કેટયાર્ડમાં સોમવારે બપોરના સુમારે એક અનાજના વેપારીની દુકાનમાંથી કોઈ ઈસમ રોકડા રૂ. ૬૦ હજારની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. જે અંગે સોમવારે મોડી સાંજે વેપારીએ ફરીયાદ હિંમનગર એ-ડીવીઝન પોલીસમથકે નોંધાવી હતી.

હિંમતનગરના માર્કેટયાર્ડમાં મુનીર એહમદ ગુલામનબી સાબુગરની અનાજની સાબુગર ટ્રેડર્સ નામની એ-૩૦ ની દુકાન આવેલ છે જ્યાં સોમવારે દુકાન પાસે આવેલ અનાજના હરાજી શેડમાં મુનીરભાઈ દુકાન ખુલ્લી રાખીને ગયેલા જ્યાં બાજરી રાખી બાદ પરત દુકાનમાં પૈસા લેવા આવેલ ત્યારે ટેબલનું ખાનુ ખુલ્લુ હતુ. અને અંદરથી ૫૦૦ અને ૧૦૦ ના દરની નોટના બંડલ મળી રૂ. ૬૦ હજાર ગાયબ હતા. આ અંગે મુનીરભાઈએ સોમવારે સાંજે હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

## ઈડરના દામોદર કોમ્પલેક્ષ આગળથી બાઈક ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં આવેલ દામોદર કોમ્પલેક્ષ આગળ શનિવારે મોડી સાંજે પાર્ક કરેલ બાઈક ચોરી થતા ફરિયાદ સોમવારે સાંજે ઈડર પોલીસમથકે નોંધાઈ હતી. વિગત એવી છે કે ઈડરના શાળા નં. ૨ પાસે આવેલ કોઠારી ફળીમાં રહેતા જેકી મુકેશકુમાર કોઠારીની પલ્સર બાઈક શનિવારે મોડી સાંજે ૭ થી ૮ ના સમયમાં દામોદર કોમ્પલેક્ષ આગળ પાર્ક કરેલી હતી.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ધનસુરા નજીકના શીત કેન્દ્ર પાસે બે વાહનો અથડાતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં મુસાફરોને ઈજાઓ થવા પામી હતી. અકસ્માત વાહનની ટક્કરે ટેમ્પો પલ્ટી ખાઈ ગયો હતો. જે દશ્યમાન થાય છે.

## શબ્દાવલી - ૫૪૬૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ■ | | ■ | |
| | ■ | ૮ | | | | ૯ | ■ |
| ■ | ૧૦ | ■ | | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | | ૧૪ | | ■ | ૧૫ | | |
| | ■ | | ■ | ૧૬ | ■ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ |
| | ■ | ■ | ૨૧ | | | | |

### આડી ચાવી

૧. ખાંડ, ચીની (૩)
૩. આવડવું તે, કળા (૪)
૬. તાજુ ના હોય તેવું (૨)
૮. સૌરાષ્ટ્ર (૫)
૧૧. ખરાબ, બુરૂ (૩)
૧૩. સાથ, સંગાથ (૪)
૧૫. પેરાલીસીસ, પક્ષાઘાત (૩)
૧૭. ડાળી-ડાળખા ભેગા કરી બાંધે તેને... કહેવાય (૨)
૨૧. ખેંચતાણ, રસાકસી (૫)

### ઊભી ચાવી

૧. વાળ, કેશ (૩)
૨. બાળકોને પોલીયો વગેરેની... અપાય છે. (૨)
૪. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૫. તુક્કો (૨)
૭. ભલીવાર (૪)
૯. બીકણ, ડરપોક (૪)
૧૦. રાહ, કેડી (૨)
૧૨. એક ભાજી, ... ની ભાજી (૨)
૧૩. સમજશક્તિ (૪)
૧૪. મરનારની મિલકત વગેરેનો હક્કદાર (૩)
૧૬. ભ્રમ, ખોટો દેખાવ (૩)
૧૯. રૂવાડા (૨)
૨૦. સર, સત્ત્વ (૨)

### શબ્દાવલી ૫૪૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પારિજાત (૩) પાતક (૬) નેવર (૭) પરથાર (૯) આરપાર (૧૧) મદાર (૧૨) મગર (૧૩) હેમુદાન (૧૫) ધરા (૧૬) નીક (૧૭) બોલાન (૧૮) નળ

**ઊભી ચાવી :-** (૧) પાણીપત (૨) તમ્મર (૩) પાનેતર (૪) તવ (૫) કરતાર (૮) થાણેદાર (૧૦) પાનદાની (૧૧) મગ (૧૨) મજલો (૧૩) હેરાન (૧૪) નકર

## અતિભારે વરસાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુબ ઓછાગાળામાં વધુ વરસાદના લીધે રસ્તાઓ અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે. નિચાણવાળા વિસ્તારોમાં સૌથી વધુ હાલત કફોડી થઈ છે. બચાવ અને રાહત ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલવામાં આવી છે. વલસાડ જિલ્લામાં વલસાડ અને કપરાડામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. કપરાડા અને વલસાડના ગામોમાં પાણી ઘુસી ગયા છે. શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. વલસાડમાં ૧૪થી વધારે ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ચોમાસાએ ભારે જમાવટ કરી છે. થોડા દિવસના વિરામ બાદ મેઘરાજાએ ફરીથી ગુજરાત પર અમીકૃપા વરસાવી છે. ગઈકાલે દિવસ દરમિયાન રાજ્યના ૨૧ જિલ્લાના ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં છુટા છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા.હવામાન વિભાગ દ્વારા અગામી ત્રણ દિવસ સુધી રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર તથા ખાસ કરીને દીવ-દમણ અને દાદરાનગર હવેલી ખાતે ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત સહિત રાજ્યના અન્ય કેટલાંક વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડશે તેવી પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ભારે વરસાદના કારણે મુંબઈ અમદાવાદ ટ્રેન વ્યવહારને અસર થઈ છે. કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવસ દરમિયાન આજે ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. સુરતમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. ભાવનગરમાં ચાર અને નડિયાદમાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યમાં દિવસ દરમિયાન ૨૯ જિલ્લાના ૧૩૨ તાલુકાઓમાં વરસાદ થયો છે.

## પ્રત્યેક શાળાઓમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે નિર્મળ શાળાના અભિયાન અંતર્ગત વરસાદી દિવસો દરમિયાન દરેક શાળાઓમાં રોપાઓના વાવેતરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડના જણાવ્યા મુજબ જિલ્લાની તમામ શાળાઓમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. ચારેય તાલુકાની માધ્યમિક શાળાઓમાં પર્યાવરણ શુધ્ધિકરણના આશયથી વૃક્ષોનું વાવેતર થશે. પ્રત્યેક શાળાઓમાં ૫૦ જેટલા રોપા વાવવામાં આવશે શહેરની ૫ માધ્યમિક શાળાઓમાં પણ ૨૫૦ જેટલા વૃક્ષો ઉછેરવા રોપાઓની વાવણી કરવામાં આવશે.

## પોર્ટલ શરૂ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ગંભીરતાથી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવે એવું સૂચન કર્યું હતું કે જિલ્લાના રાજ્ય સરકાર અને ભારત સરકાર સાથેના પડતર પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે અને આ અંગે એક પોસ્ટલ શરૂ કરવામાં આવે.

આ ઉપરાંત મુખ્ય સચિવે એવું પણ સૂચન કર્યું હતું કે જો આ પોર્ટલ શરૂ કરવામાં આવે તો પોર્ટલ પર જે તે વિસ્તારોના પ્રશ્નો અને તે અંગે થયેલ કાર્યવાહીની વિગતો અપલોડ કરવામાં આવે તો આ વિસ્તારના લોકોને પણ આ પ્રશ્નોની અને થયેલ કાર્યવાહીની જાણકારી મળી શકે.

મુખ્ય સચિવે કરેલા આ સૂચન અંગે રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જિલ્લાઓના રાજ્ય સરકાર અને ભારત સરકાર સાથેના પડતર પ્રશ્નો અંગે એક પોર્ટલ શરૂ કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આગામી ટુંક સમયમાં પોર્ટલ તૈયાર કરીને શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ આ બેઠકમાં મુખ્ય સચિવે જિલ્લા પ્રભારી સચિવોને જે તે જિલ્લામાં પ્રોએક્ટીવ ભાગ ભજવે આ માટે વહીવટ સુધારણા અને તાલીમ પ્રભાગને પણ સૂચના આપવામાં આવી છે. તેમજ પ્રભારી સચિવોની ભૂમિકા અંગે વિભાગ દ્વારા ફરજો અંગે વધુ સ્પષ્ટતા અદ્યતન કરે.

## પાણી પીવા લાયક નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંત્રએ ૪૫૦ થી પણ વધુ સ્ત્રોતોમાંથી નમૂના ચકાસણી માટે મેળવ્યા હતા. આ નમૂનાઓની ચકાસણીને અંતે એકસોથી વધુ ગામોમાં પાણીની ગુણવત્તા પીવા લાયક નહિ હોવાનું જણાઈ આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે બેક્ટોરોલોજીકલ અને કેમીકલ રીતે પણ આ નમૂના નાપાસ જાહેર થયા છે. હવે તંત્રએ આ અહેવાલને આધાર બનાવી ગ્રામ્ય વિસ્તારને નર્મદાના પાણી માટે સમજાવવાનો નિર્ણય કરેલ છે.

જો કે પંચાયતોની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાનું જણાવી પંચાયતો પાણી લેવાનો ઈન્કાર કરી રહી હોવાનું ચર્ચાઈ રહી છે. બીજી તરફ એવી પણ પણ વાત છે કે વોટર વર્કસ પર વીજબિલ નહિ હોવાથી પાણીની વિતરણ વ્યવસ્થા ગ્રામીણ વિસ્તારમાં સત્તી પડી રહી છે તેથી તેઓ પોતાના સ્ત્રોતો જ વપરાશમાં લઈ રહ્યા છે.

જિલ્લાના સરપંચોનું તાજેતરમાં પંચાયતની મેલેરિયા શાખા દ્વારા યોજાયેલ સંમેલનમાં જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આ વિષયને છેડ્યો હતો. તેમણે સરપંચોને કારણ માત્ર કાગળમાં લખી આપવા કહ્યુ હતુ પરંતુ કોઈ સરપંચ પહેલ નહિ કરી હોવાનું જાણવા મળેલ છે.

કલેક્ટરે એ દિવસે તેમના પ્રવચનમાં પાણીની ગુણવત્તાને લઈ ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી. હવે આ નમૂનાઓની ચકાસણીને અંતે મળેલા અહેવાલથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

સૌથી વધુ ગામો ગાંધીનગર તાલુકાના જણાયા છે જેની સંખ્યા ૩૨ જેટલી હોવાનું જાણવા મળેલ છે. આ પછી કલોલ, માણસા અને દહેગામ તાલુકાના ગામો આવે છે. તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે આ મુદ્દે એક બાજુ અભિયાન હાથ ધરવાની વ્યુહરચના વિચારાઈ છે. જેમાં પહેલાં તાલુકા પંચાયોતના પ્રમુખો તેમજ સરપંચોને પત્ર લખી અહેવાલની વિગતો જણાવી ઉભી થઈ રહેલી ભયજનક પરિસ્થિતિથી વાકેફ કરવામાં આવશે. આ પછી આ આયોજનો સાથે કલેક્ટર કક્ષાએ બેઠક યોજવામાં આવશે.

જિલ્લામાં પહેલા ૧૭૮ ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ હતો પરંતુ સારા વરસાદને કારણે ભૂતળ ઊંચા આવતાં થોડીક પરિસ્થિતિ સુધરી હતી પરંતુ પાછુ વધુ પડતુ પાણીનુ દોહન થતાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નમાર્થો ઉભા થવા પામ્યા છે.